# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૩૭ તા. ૭-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય: ઈ-મેનેજમેંટ ઓફ ઈંસ્પાયર એવોર્ડ સંદર્ભે કરવાની થતી કામગીરી બાબત.**

**સંદર્ભ : ક્રમાંક/જીસીઈઆરટી/વિજ્ઞાન/૨૦૧૬/૧૬, ગાંધીનગર, તા: ૨/૧/૨૦૧૭**

આથી મ્યુનિ. શાળાના તમામ મુ. શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે જીસીઈઆરટી, ગાંધીનગર પત્ર અન્વયે ઈંન્સપાયર એવોર્ડ સંદર્ભે કરવાની થતી કામગીરી બાબત આપના હસ્તકની શાળાઓમાં નીચે મુજબ સૂચનાઓ આપી સત્વરે આ કામગીરી કરાવવાની રહેશે.

- ઈંન્સપાયર એવોર્ડ યોજના હવે વર્ષ : ૨૦૧૭ થી નવા નામકરણ INSPIRE AWARD SCHEME-MANAK સાથે અમલમાં આવેલ છે.
- જે શાળાઓએ રજીસ્ટ્રેશન ન કર્યું હોય તે શાળાઓએ www.inspireawards-dst.gov.in ઉપર સત્વરે રજિસ્ટ્રેશન કરી વિદ્યાર્થીઓના નામો નોમિનેશન કરવાના રહેશે. નોમિનેશન કરતી વખતે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ, સર્જનશીલતા, વિજ્ઞાન-ગણિત પ્રત્યે રૂચિ તથા રજુઆત શૈલી અને ક્ષમતા ધ્યાને લઈ નોમિનેશન કરવાનું રહેશે.
- જે શાળાઓએ અગાઉ રજિસ્ટ્રેશન કરેલ હોય તે શાળાઓએ અત્યારે વિદ્યાર્થીઓના નામો નોમિનેશન કરવાના રહેશે. વિદ્યાર્થીઓનું નોમિનેશન કરતી વખતે માગેલ તમામ વિગત ફરજિયાત ભરવાની રહેશે.
- વર્ષ: ૨૦૧૭ – ૧૮ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની શરૂઆત ૧-૧૨-૨૦૧૬ થી શરૂ થયેલ છે ૨૮/૨/૨૦૧૭ ના રોજ બંધ થશે તેથી તમામ શાળાઓ સમય મર્યાદામાં પ્રક્રિયા પૂર્ણ કરે તે ખુબજ જરૂરી છે.
- ઓનલાઈન નોમિનેશન સાથે પ્રોજેક્ટ સિનોપ્સિસ સબમિટ કરવી ફરજિયાત છે. પ્રોજેક્ટ સિનોપ્સિસ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજીમાં સબમિટ કરી શકાશે.
- વધારેમાં વધારે બાળકો ઈ-મેનેજમેંટ ઓફ ઈંસ્પાયર એવોર્ડ માટે નોમિનેટ થાય તેવા પ્રયત્નો સમગ્ર સ્ટાફે કરવાના રહેશે.

તા.૭-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી